# સામાજિક શૃંખલા દ્વારા સુવાર્તાપ્રચાર

**તમારા મિત્રોને ખ્રિસ્તની ઓળખમાં લાવો**

**બાળકોને શીખવનારે સ્ટડી W1b નો અભ્યાસ કરવો.**

**૧. તમારા હ્રદયો અને મનો દેવના વચન વડે તૈયાર કરો, જેથી તમારા લોકો પોતાના મિત્રો અને સગાઓને ખ્રિસ્તની સુવાર્તા આપી શકે.**

**પ્રાર્થના :** વહાલા પવિત્ર આત્મા દેવ, અમારા મિત્રો સુધી પુનરુત્થાન પામેલા ખ્રિસ્તને લઈ જવા માટે તમારું સામર્થ્ય પુરુ પાડો.



પ્રેકૃ. ૧૦માં જૂઓ કે યહુદીઓ સિવાયના શહેર અને સંસ્કૃતિમાં કેવી રીતે નવી મંડળી જન્મ પામી.

- દેવ આ બનાવ માટે લોકોને તૈયાર કરી રહ્યો હતો ત્યારે પિતર અને કર્નેલ્યસ બંને શું કરતા હતા ?
- જ્યારે કર્નેલ્યસ પ્રાર્થના કરતો હતો ત્યારે દેવના દૂતે તેને શું કરવાનું કહ્યું ?



- કર્નેલ્યસના મોકલેલા સૈનિકો જોપ્પા પહોંચ્યા પહેલા દેવે પિતરને કઈ વિદેશીના ઘરમાં જવા અને તેમનો ખોરાક ખાવા તૈયાર કર્યો પિતરે પોતાના દર્શનમાં કઈ આંચકાજનક બાબત જોઈ ?
- દેવે પિતરને દર્શનમાં અશુદ્ધ પ્રાણીઓને ખાવાનું કહ્યું તે પરથી તે સમજ્યો કે તેણે દરેક જાતિના લોકોને માન આપવાનું હતું. કાઈસારીયામાં પિતરની સાથે કર્નેલ્યસના ઘેર કોણ ગયું ? જ્યારે પિતર અને તના સાથીદારો કાઈસારીયા પહોંચ્યા ત્યારે કર્નેલ્યસના ઘરમાં કોને રાહ જોતા તેઓએ જોયા ?
- ઈસુ વિષેની કઈ છેલ્લી બાબત પિતરે કર્નેલ્યસ અને તેના મિત્રો અને કુટુંબીજનોને કહી ?
- જ્યારે પિતરે ઈસુના જીવનદાયક પુનરુત્થાનની સુવાર્તાની ઘોષણા કરી ત્યારે પવિત્ર આત્મા સાંભળનારાઓ ઉપર ઉતર્યો. પિતર અને તેમના સાથીદારોએ તેઓના પસ્તાવા અને ખ્રિસ્ત પરના વિશ્વાસને મહોરસિક્કો થવા શી આજ્ઞા આપી?
- નવા વિશ્વાસીઓએ બાપ્તિસ્મા લીધું પછી પિતર ત્યાં કેટલું રોકાયો ?
- નવા વિશ્વાસીઓને તેમની ખ્રિસ્ત પ્રત્યેની આધિનતામાં દઢ કરવા પિતર અને તેના સાથીદારો થોડા દહાડા ત્યાં રોકાયા શું પિતરે કોઈ ખર્ચાળ સાધનોનો ઉપયોગ કર્યો ? સામાન્ય માણસોની શક્તિ બહારની કોઈ




હું પણ સુવાર્તાપ્રચાર કરવા ચાહું છું પણ તેમ કરી શકતી નથી કારણ કે મારી પાસે ગીટાર નથી અને આ સુવાર્તિકની જેમ જોરદાર ગાઈ શકતી નથી.

ઉચ્ચ સ્તરીય સાક્ષી આપવાની પદ્ધતિને તેણે વાપરી ?

- આ ચિત્રમાં કઈ ખામીજનક બાબત છે ?

(જવાબ : આ ચિત્રમાં સુવાર્તિક સામાન્ય વિશ્વાસીને નમૂનાજનક રીતે સુવાર્તાની પદ્ધતિ અપનાવવામાં નિષ્ફળ ગયેલ છે. તે વ્યક્તિ વ્યક્તિ સુધી સંદેશો આપી શકતો નથી. જ્યારે પિતરની જેમ સુવાર્તિકો, બધા નમૂનો લઈ શકે તેવી પદ્ધતિઓ અપનાવે તો સુવાર્તા ઘણા વધારે લોકો સુધી પહોંચી શકે. પ્રસંગોપાત આવા મ્યુઝીક ખાસ જગાઓએ યોગ્ય છે જ્યાં લોકો ખ્રિસ્ત પ્રત્યે આકર્ષાય. આમ છતાં મ્યુઝીક લોકોના મન પર ખ્રિસ્ત કરતા છવાઈ જવું ન જોઈએ.

**૨. સાથીદારો સાથે અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

- પોતાના મિત્રો સાથે સગાઓ પાસે વિશ્વાસીઓ સુવાર્તા લઈ જાય તેવું આયોજન કરો.
- દરેક જણ ખૂબ સહેલી રીતથી સાક્ષી આપવાનું કાર્ય કરી શકે માટે પ્રભુ પાસે એવી રીત બતાવવા માટે સહાય માંગો.
- હજુ જ્યાં ખ્રિસ્તની સુવાર્તા લોકોએ સાંભળી ન હોય તેવા સ્થળે કાર્યકરો જાય તેવું આયોજન કરો. કર્નેલ્યસની જેમ દેવે સુવાર્તા સાંભળવા માટે તૈયાર કર્યા હોય તેવા માણસોને તેઓએ શોધવા જોઈએ અને પોતાના મિત્રોને પણ સુવાર્તા આપવી જોઈએ.

**૩. આગામી ભજનસેવાનું સાથીદારો સાથે આયોજન કરો.**

પ્રસંગ અને સ્થાનિક રસમો પ્રમાણેની પ્રવૃત્તિઓ પસંદ કરો. દા.ત. પ્રેકૃ. ૧ ઉપરથી પિતર અને કર્નેલ્યસની વાર્તા કહો અથવા ભજવી બતાવો. ભાગ ૧ માંના પ્રશ્નો પૂછો. પ્રેકૃ. ૧૦ માંથી જે તથ્યો પ્રાપ્ત થયા હોય તે વિશે વિશ્વાસીઓને ચર્ચા કરવા સહાય કરો.

આ બાબતે ચર્ચા કરો :

- સુવાર્તા પ્રચારની શરૂઆત પ્રાર્થનાથી થાય છે.
- દેવ સુવાર્તા મેળવનાર અને જેઓ તેમની પાસે સુવાર્તા લઈ જાય છે. તે બંનેને તૈયાર કરે છે જેથી બંને પવિત્ર આત્માના સામર્થ્ય વડે વાતચીત કરી શકે.
- બે કે વધુ વિશ્વાસીઓએ મળીને કામ કરવું જોઈએ. ઈસુ અને તેના શિષ્યો કદી એકલા ફર્યા નથી.
- કુટુંબના સભ્યો અને મિત્રોના નેટવર્ક દ્વારા સુવાર્તા સહેલાઈથી ફેલાય છે.
- આ રીતે સુવાર્તાના સુગમ પ્રસાર માટે એવા રસ્તા અજમાવો કે નવા વિશ્વાસીઓ સહેલાઈથી તરત જ અપનાવી શકે. દા.ત. પિતરે પ્રભુ ઈસુના મરણ અને જીવનદાયક પુનરુત્થાનની વાત એવી રીતે કરી કે જે કોઈ પણ વિશ્વાસી કરી શકે.
- નવા વિશ્વાસ કરનારાઓના પસ્તાવા અને વિશ્વાસને બાપ્તિસ્માં દ્વારા દઢ કરો.
- નવા વિશ્વાસીઓ સાથે થોડો સમય રહીને તેમને ખ્રિસ્તને આધિન થવાનું શિખવો અને તેમના નવા વિશ્વાસમાં તેમને સ્થાપિત કરો. જો ત્યાં કોઈ મંડળી નથી તો મંડળી ઊભી કરો.

**નામ દઈને** મિત્રો અને સગાઓ કે જેઓ હજુ ખ્રિસ્તનું જીવન પામ્યા નથી તેમના માટે **પ્રાર્થના કરો.**

જેઓએ હમણાં જ વિશ્વાસ કર્યો છે કે સાજાપણું પામ્યા છે તેવા લોકો માટે પ્રભુની સ્તુતિ કરો તેઓની સાક્ષીઓ આપો.

પ્રેકૃ. ૧૬ :૩૧ **મુખપાઠ કરો.**

બાળકોએ જે તૈયાર કર્યું હોય તે સભામાં રજુ કરવાની તેમને રજા આપો. જો તેમણે પ્રશ્નો તૈયાર કર્યા હોય તો તે પૂછવા દો.



અઠવાડિયા દરમ્યાનની સુવાર્તાની નક્કી કરેલી પ્રવૃત્તિઓની જાહેરાત કરો. વિશ્વાસીઓ કોની પાસે સુવાર્તા લઈ જશે અને ક્યારે તે તેમને પૂછો.

વિશ્વાસીઓને બે કે ત્રણના જૂથમાં થોડો સમય મળીને તેમના આયોજનો દૃઢ કરવાનું કહો.

પ્રભુની મેજ માટે સમજાવો કે દેવે કેવી રીતે પિતરને બિનયહુદી સાથે જમવાનું કહ્યું અને સ્વર્ગમાં ભવ્ય લગ્ન જમણમાં દરેક જાતિના લોકોનો પ્રભુ સમાવેશ કરશે. પ્રભુની મેજ એ આવનાર લગ્નજમણની એંધાણીરૂપ છે. મુખ્ય સન્માનીય વ્યક્તિ તો પ્રભુ ઈસુ છે કે જેને આપણે મુખાનુમુખ જોઈશું !

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.